

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી : મીનાક્ષી રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-07 ■ તા. 02-03-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# રશિયા સાથે યુદ્ધવિરામ નહીં કરે યુક્રેનઃ ટ્રમ્પ સાથે વિવાદ બાદ પણ ઝેલેન્સ્કી મક્કમ



અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપપતિ વોલોડિમિર ઝેલેન્સ્કી વચ્ચે ઉગ્ર બોલાચાલીની ઘટના સમગ્ર વિશ્વમાં ચર્ચાઈ રહી છે. ટ્રમ્પે કડક શબ્દોમાં ઝેલેન્સ્કી પર લાખો લોકોના જીવનને ખતરામાં નાખવાનો આરોપ લગાવ્યો છે અને કહ્યું કે, તેમના કારણે ત્રીજું વિશ્વ યુદ્ધ થઈ શકતું હતું. આ ઘટના બાદ ઝેલેન્સ્કી મક્કમ થઈને કહ્યું છે કે, યુક્રેન રશિયા સાથે ક્યારે યુદ્ધવિરામ નહી કરે.ઝેલેન્સ્કીએ કહ્યું કે, 'અમારા માટે ટ્રમ્પનું સમર્થન મહત્ત્વનું છે. તેઓ યુદ્ધ ખતમ કરવા ઈચ્છે છે, પરંતુ અમારાથી વધુ કોઈપણ દેશ શાંતિ ઈચ્છતો નથી. અમે લોકો યુક્રેનમાં યુદ્ધ વચ્ચે જીવી રહ્યા છીએ. આ અમારી આઝાદી અને અસ્તિત્વની લડાઈ છે.'યુક્રેનના રાષ્ટ્રપતિએ એક્સ પર લખ્યું છે કે, 'રાષ્ટ્રપતિ રીગને એક વખત કહ્યું હતું કે, માત્ર યુદ્ધ જ શાંતિ સ્થાપવાની બાબત નથી. અમે ન્યાયપૂર્ણ અને કાયમી શાંતિ-સ્વતંત્રતા, ન્યાય અને તમામ લોકો માટે માનવાધિકાર ઈચ્છી રહ્યા છીએ. યુક્રેન પુતિન સાથે યુદ્ધવિરામ નહીં કરે. તેમણે છેલ્લા ૧૦ વર્ષમાં ૨૫ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. વાસ્તવિતા એ છે કે, માત્ર શાંતિ જ એકમાત્ર સમાધાન છે.'

તેમણે વધુમાં કહ્યું કે, 'હું રશિયા મુદ્દે યુક્રેનની રણનીતિમાં ફેરફાર ન કરી શકું. વાસ્તવિકતા એ છે કે, રશિયા અમારું દુશ્મન છે, તેઓ અમને મારી રહ્યા છે, જેનો અમે સામનો કરી રહ્યા છે. યુક્રેન શાંતિ ઈચ્છે છે, પરંતુ આ ન્યાયપૂર્ણ અને કાયમી શાંતિ હોવી જોઈએ. આ માટે અમારે વાતચીત વખતે મજબૂત થવાની જરૂર છે. અમારી પાસે સુરક્ષાની ખાતરી હશે, અમારી સેના મજબૂત હશે અને અમારા સાથી મજબૂત હશે, ત્યારે જ શાંતિ સ્થપાઈ શકે છે.'

યુક્રેનના રાષ્ટ્રપતિએ કહ્યું કે, 'અમેરિકાના સમર્થન વગર શાંતિ સ્થાપવી મુશ્કેલ છે, પરંતુ અમે અમારી ઈચ્છા, અમારી સ્વતંત્રતા અથવા અમારા લોકોને ખોઈ ન શકીએ. રશિયા અમારા ઘરોમાં ઘૂસ્યો અને અનેક લોકોને મારી નાખ્યા. જો અમને નાટો દ્વારા સ્વિકારવામાં નહીં આવે તો અમને અમેરિકામાં અમારા સહયોગી પાસેથી સુરક્ષાની ગેરેન્ટીની જરૂર છે.

## સરગાસણની કોચિંગ એકેડેમીમાં કર્મચારીનું કૌભાંડ

# કાઉન્સેલરે ૫૮ વિદ્યાર્થીઓ પાસેથી ૨૦.૮૦ લાખ રૂપિયા ઉઘરાવ્યા, ખોટી રસીદો આપી




ગાંધીનગરના સરગાસણમાં સ્થિત અટ્રિયા બિઝનેસ હબમાં એક મોટું આર્થિક કૌભાંડ સામે આવ્યું છે. પ્રાજસ્વ ફાઉન્ડેશન એન્ડ એકેડેમીના કર્મચારીએ ૫૮ વિદ્યાર્થીઓ પાસેથી ૨૦.૮૦ લાખ રૂપિયાની ઠગાઈ કરી છે. સંસ્થાના માલિક મલ્હાર રાજેશભાઈ ભટ્ટે ૨૦૧૯થી આ સ્પર્ધાત્મક પરીક્ષા તૈયારી કેન્દ્ર શરૂ કર્યું હતું. તેમણે ગત વર્ષે ૧૫ જૂન ૨૦૨૩થી ભૌમિક શૈલેષભાઈ સુથારને માસિક ૨૦ હજાર રૂપિયાના પગારે કાઉન્સેલર તરીકે નિયુક્ત કર્યા હતા.

ભૌમિકને વિદ્યાર્થીઓના એડમિશન, ફી વસૂલાત અને ડિસ્કાઉન્ટ આપવાની જવાબદારી સોંપવામાં આવી હતી. તે એકાઉન્ટન્ટ કનુભાઈને ફી જમા થયાની ખોટી માહિતી આપતો હતો. ડિસેમ્બર ૨૦૨૪માં જ્યારે સ્ટાફ મેમ્બર ફહેરીનબેને બાકી ફી માટે વિદ્યાર્થીઓનો સંપર્ક કર્યો, ત્યારે કૌભાંડ બહાર આવ્યું. તપાસમાં જાણવા મળ્યું કે ભૌમિકે વિદ્યાર્થીઓ પાસેથી ઓનલાઈન અને રોકડ સ્વરૂપે ફી વસૂલી હતી. તેણે ખોટી રસીદો બનાવી એકાઉન્ટન્ટને આપી હતી. આ મામલે સેક્ટર-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે તપાસ શરૂ કરી છે.

## ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની મોટી ચૂકઃ ૨૦ ફેબ્રુઆરી પહેલા વેરા નિર્ધારણ ન કરતાં કમિશનરનો સૂચવેલો વેરો વધારો લાગુ થશે



ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાયી સમિતિએ વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કરવામાં ગંભીર ભૂલ કરી છે. સમિતિએ ૨૭મી ફેબ્રુઆરીએ કરવધારા વિનાનું બજેટ રજૂ કર્યું હતું. જીપીએમસી એક્ટ મુજબ, વેરાના દરોનું નિર્ધારણ ૨૦ ફેબ્રુઆરી અથવા તે પહેલા કરવું જરૂરી છે. કમિશનર જે.એન.વાઘેલાએ ૨૩ જાન્યુઆરીએ જ ડ્રાફ્ટ બજેટ રજૂ કરી દીધું હતું. જેમાં મિલકતવેરામાં આંશિક અને સફાઈવેરામાં બમણો વધારો સૂચવવામાં આવ્યો હતો.સ્થાયી સમિતિએ કમિશનરના ૧૭૪૪ કરોડના ડ્રાફ્ટ અંદાજપત્રમાં ૨૬.૧૮ કરોડનો ઘટાડો કરી ૧૭૧૮ કરોડનું બજેટ રજૂ કર્યું છે. કમિશનરે મિલકતવેરા, સફાઈ વેરો અને સોલિડવેસ્ટ કલેક્શનના દરમાં વધારો કરીને નાગરિકો પર અંદાજે ૧૩ કરોડનો કરબોજ સૂચવ્યો હતો. સમિતિની આ ભૂલને કારણે હવે નાગરિકોએ એપ્રિલથી કમિશનરે સૂચવેલા નવા દર પ્રમાણે વેરો ચૂકવવો પડશે. કમિશનર પણ હવે પોતાના નિર્ણયમાંથી પાછી પાની નહી કરી શકે, કારણ કે તેમણે વેરાના નવા દર ડ્રાફ્ટ બજેટમાં સૂચવી દીધા છે.આ ગંભીર ભૂલ ગાંધીનગર સહિત રાજ્યની તમામ કોર્પોરેશનના ઈતિહાસમાં પ્રથમ વખત બની છે. સ્થાયી સમિતિ ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટની વ્યવસ્થામાં વ્યસ્ત રહી અને પોતાની મુખ્ય જવાબદારી ચૂકી ગઈ છે. વેરાની બાબતમાં નિર્ણય કરવામાં કારોબારી ગાઢ નિદ્રા રહી છે. અને નાગરિકો પર એકપણ પ્રકારનો કરબોજ નથી નાંખ્યો તે વાત પણ લોલીપોપ પુરવાર થઈ છે. આ અંગે સ્ટેન્ડીંગ ચેરમેન ગૌરાંગ વ્યાસે કહ્યું કે, અમને બજેટનાં અભ્યાસ માટે ઓછો સમય મળ્યો હતો. જે નિર્ણય લેવાનો છે એ સામાન્ય સભા લેશે.

## પૂરઝડપે આવેલા ડમ્પરે આઈસરને ટક્કર મારતાં બે વ્યક્તિ કૂદ્યા, એકનું મોત

ગાંધીનગરના અદાણી બ્રિજ પર ગઈકાલે મોડી રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સર્કિટ હાઉસથી સામાન ઉતારીને પરત ફરી રહેલી આઈસર ગાડીને એક ડમ્પરે પાછળથી ટક્કર મારી હતી. કલોલના રાચરડા ગામના પુજન ડેકોરેશનમાં કામ કરતા મૂળ રાજસ્થાનના શંકર મીણા અને ડ્રાઈવર વલ્લુરામ વડેરા આઈસરમાં સામાન લઈને જઈ રહ્યા હતા. રાત્રે દોઢ વાગ્યાના સુમારે અદાણી બ્રિજ ચઢતી વખતે પાછળથી આવેલા ડમ્પરે આઈસરને જોરદાર ટક્કર મારી હતી.અકસ્માત થતાં જીવ બચાવવા માટે શંકર અને વલ્લુરામ બંને આઈસરમાંથી કૂદી પડયા હતા. શંકર પુલના આરસીસી ભાગ તરફ પડયો હતો. જ્યારે વલ્લુરામ રોડની વચ્ચે પડ્યા હતા. દુર્ભાગ્યવશ ડમ્પર વલ્લુરામના ઉપરના ભાગ પરથી પસાર થઈ ગયું હતું. જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.




## નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની મંથ લોંગ ઉજવણી

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર સમગ્ર વર્ષ દરમિયાન વિજ્ઞાન લક્ષી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.તેમજ વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવે છે.ડોક્ટર સી. વી. રામનની યાદમાં ૨૮ ફેબ્રુઆરી રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે આ વર્ષની થીમ "Empowering Indian Youth fro Global Leadership in Science & Innovation fro Viksit Bharat." રાખવામા આવી છે જેના અંતર્ગત સાયન્સ સેન્ટર દ્વારા વિજ્ઞાન લક્ષી વિવિધ કાર્યક્રમોનું આયોજન સમગ્ર માસ દરમ્યાન કરવામાં આવ્યું હતું.




નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સમગ્ર ફેબ્રુઆરી માસ દરમ્યાન જુદા જુદા પ્રોગ્રામ યોજવામાં આવ્યા જેવા કે પોપ્યુલર સાયન્સ લેકચર ,સાયન્સ ક્વિઝ ,હેન્ડસ ઓન સાયન્સ એક્ષપરીમેન્ટસ,ફન વિથ ફીઝીક્સ ,વન્ડર ઓફ કેમિસ્ટ્રી,ફન વિથ સાયન્સ ,વિજ્ઞાન પ્રદર્શન ,વહેમ અને અંધશ્રદ્ધા નિવારણ ,ઈ-બાયસીકલ વર્કશોપ ,આકાશ દર્શન ,સાયન્સ એક્ષ્પોઝર ટુર જેમાં ખુબ મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો. સાયન્સ કલબ ના વિદ્યાર્થીઓને તેમના માતાપિતા સાથે પ્લાઝમા સંશોધન સંસ્થા ની મુલાકાતનું આયોજન કર્યું . જ્યાં તજજ્ઞો દ્વારા પ્લાઝમા એટલે શું તે કેવી રીતે બની શકે અને તેમાંથી ઊર્જા કેવી રીતે મેળવી શકાય તેના સંશોધન વિષે સમજુતી આપવામાં આવી. વિદ્યાર્થીઓને આઈ.પી.આર. દ્વારા આયોજિત વૈજ્ઞાનિક પ્રદર્શન પણ બતાવવામાં આવ્યું હતું.

નિસર્ગ સન્ડે સાયન્સ કલબના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પાટણ રિજીઓનલ સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી. પાટણ રિજીઓનલ સાયન્સ સેન્ટર ડાયનોસોરની થીમ પર બનેલ છે તદ ઉપરાંત અહીં કેમેસ્ટ્રીમાં નોબલ પારિતોષિક વિજેતા વૈજ્ઞાનિકોની ખૂબ જ માહિતી સભર ગેલેરી આવેલી છે . પ્રકાશ તેના પરાવર્તન અને વક્રીભવન વગેરે નિયમો સમજાવતી વિવિધ મોડલોની ગેલેરી તેમજ બાળકો શરીર વિજ્ઞાનની સમજ સરળતાથી મેળવી શકે તેવી હ્યુમન એનોટોમી ગેલેરીની મુલાકાત લીધી. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવણી અંતર્ગત આઈ.આઈ. ટી.ગાંધીનગર ખાતે પોપ્યુલર સાયન્સ લેકચર, સાયન્સ એકઝીબીશન ,તેમજ વૈજ્ઞાનિક રમતો નું આયોજન કર્યું

## ગ્રાહકોની માહિતી પથિક સોફ્ટવેર અને રજિસ્ટરમાં નોંધ ન કરવા બદલ માલિક સામે ગુનો દાખલ




ગાંધીનગર એસઓજી પોલીસે આજે કલોલમાં આવેલા ભારત ગેસ્ટ હાઉસ પર દરોડા પાડયા હતા. જિલ્લા કલેક્ટરે ૧૪ જાન્યુઆરી ૨૦૨૫થી અમલી બનેલા જાહેરનામા અનુસાર, તમામ હોટલ અને ગેસ્ટ હાઉસના માલિકોએ તેમના કમ્પ્યુટરમાં પથિક સોફ્ટવેરમાં ગ્રાહકોની માહિતી નોંધવી ફરજિયાત છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ભારત ગેસ્ટ હાઉસના માલિકે ગ્રાહકોની માહિતી પથિક સોફ્ટવેરમાં નોંધી ન હતી. આ ઉપરાંત રજિસ્ટરમાં પણ ગ્રાહકોના નામ-સરનામાની નોંધણી કરવામાં આવી ન હતી. આ રીતે જાહેરનામાનો ભંગ કરવા બદલ એસઓજી પોલીસે ગેસ્ટ હાઉસના માલિક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# સુરતમાં ટેક્સટાઈલ માર્કેટ એટલે કે કપડાની દુકાનો આવેલી હોય એવી માર્કેટ શિવશક્તિ ટેક્સટાઈલ માર્કેટમાં એક ભયંકર આગ લાગવાના કારણે લગભગ સંપૂર્ણપણે બિલ્ડીંગ ભસ્મીભૂત

સુરતમાં ટેક્સટાઈલ માર્કેટ એટલે કે કપડાની દુકાનો આવેલી હોય એવી માર્કેટ શિવશક્તિ ટેક્સટાઈલ માર્કેટમાં એક ભયંકર આગ લાગવાના કારણે લગભગ સંપૂર્ણપણે બિલ્ડીંગ ભસ્મીભૂત થયું છે. ૯૦૦ જેટલા વેપારીઓ એક અંદાજ મુજબ આ ટેક્સટાઈલ માર્કેટમાં દુકાનો ધરાવતા હતા. લગભગ તમામ વેપારીઓનો તમામ માલ બળીને ખાખ થઈ ગયો છે. એકતરફ ટેક્સટાઈલ માર્કેટમાં મંદીનો માહોલ હોવાના કારણે વેપારીઓ પાસે ઘણો સ્ટોક ભરાયેલો પડ્યો હતો અને એવા સમયે આગથી કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલે સરકારને વિનંતી કરી છે કે આ નાના-નાના વેપારીઓ છે, બધા પાસે વીમો નહીં હોય અથવા પૂરતો વીમો નહીં હોય ત્યારે સરકાર આવા સમયે એ વેપારીઓ કે જેમનું સંપૂર્ણ બરબાદ થઈ ગયું છે તેવા વેપારીઓની પડખે ઊભી રહે. આપણા કાયદાઓમાં, જુની પરંપરાઓમાં જોગવાઈઓ છે કે, જ્યારે આવી આકસ્મિક નુકસાની ગુજરાતીઓને થતી હોય છે ત્યારે ઉદાર હાથે સરકાર તેમને સહાય આપે છે . સૌથી વધારે દર્દનાક બાબત એ છે કે, શરૂઆતમાં ૧-૩૦ વાગ્યાના સમયે આગ લાગી, સાંજ સુધી ફાયરબ્રિગેડની મહેનત થઈ અને આગ કાબુમાં આવી ગઈ એવું માની લેવામાં આવ્યું. ધુમાડો થોડો નીકળતો હતો, વેપારીઓ સાથે વાત મુજબ , ખરા અર્થમાં પૂરતી કાળજી લીધી હોત તો આટલી મુશ્કેલી ન થઈ હોત. અધિકારીઓ આગ હવે કાબુમાં આવી ગઈ છે તેમ કરીને જતા રહ્યા, નિષ્કાળજી રાખી અને પરિણામે જે ધૂંધવાયેલી આગ હતી એ ફરી પ્રબળ જવાળાઓમાં ફાટી નીકળી અને પરિણામે એક ગુનાહિત બેદરકારીના કારણે આ ટેક્સટાઈલ માર્કેટના વેપારીઓને ખૂબ મોટાપાયે નુકસાન થયું છે.

અમને જાણવા મળ્યા મુજબ માન. વડાપ્રધાનશ્રી રોડ-શો કરવા માટે સુરત પધારી રહ્યા છે ત્યારે માન. વડાપ્રધાનશ્રીને પણ હૃદયપૂર્વક વિનંતી કે, આપના કાર્યક્રમમાંથી આ માર્કેટ જે બળીને ખાખ થઈ છે ત્યાં થોડા સમય માટે મુલાકાત કરજો, આ સુરતના વેપારીઓ સાથે વાર્તાલાપ કરજો અને નેશનલ ડીઝાસ્ટર રીલીફ ફંડ જે છે તેમાંથી પણ આ વેપારીઓને રાહત મળે તે માટેની વ્યવસ્થા કરજો.

સુરતમાં વારંવાર આવી ઘટનાઓ બને છે. ફાયરબ્રિગેડની તૈયારીઓ અને સાધનો ટાંચા હોય છે. ભૂતકાળમાં આપણે જોયું હતું કે, તક્ષશિલા વખતે પણ સીડી એટલી નહોતી કે ઉપરના માળ સુધી પહોંચી શકાય. આપણી આર્થિક રાજધાની જેવું સુરત શહેર કે જ્યાં લોકો કરોડો રૂપિયાનો ટેક્સ ભરતા હોય ત્યારે તેમની સલામતી માટે જ વ્યવસ્થા બરાબર ન થાય તે યોગ્ય નથી. ટેક્સટાઈલ ઉદ્યોગ આપણને વિદેશી હુંડિયામણ કમાવી આપે છે અને અનેક લોકોને એમાંથી રોજગારી પ્રાપ્ત થાય છે. સુરતની પરિસ્થિતિ છે એમાં ૨૯ મે, ૨૦૧૪માં પુણા-કુંભારિયા રોડ પર ઓર્ચિડ ટાવરમાં આ જ રીતે ટેક્સટાઈલ માર્કેટમાં ભીષણ આગ લાગી હતી અને ત્રણ દિવસ સુધી લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો અને સંપૂર્ણ નુકસાન થયું હતું. ત્યારબાદ જાન્યુઆરી, ૨૦૨૦માં સારોલી રોડ ઉપર પુણા-કુંભારિયા ખાતે રઘુવીર સીલીયમ ટેક્સટાઈલ માર્કેટમાં આગ લાગી હતી અને આખું માર્કેટ બળીને ખાખ થઈ ગયું હતું. આ પહેલી ઘટના નથી. જ્યાં-જ્યાં ટેક્સટાઈલની કે જ્વલનશીલ કાપડ કે બીજી વસ્તુઓ રહેતી હોય ત્યાં આગોતરું આયોજન આપણે કરવું જોઈએ. એક-બે ઘટના પછી આપણે તેમાંથી બોધપાઠ લેવો જોઈએ. આપણે વિકસિત ભારતની વાત કરીએ છીએ તો વિકાસશીલ દેશોમાં ફાયર કંટ્રોલ કરવા માટે કદાચ ક્યાંક આગ લાગી જાય તો એ આગ વિશાળ સ્વરૂપ ધારણ ન કરે તે માટે આગોતરું આયોજન થતું હોય છે તેવું આગોતરું આયોજન આપણે કેમ ન કરી શકીએ ? આપણું આગોતરું આયોજન હોવું જોઈએ.

# ગાંધીધામ ખાતે નવજીવન પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી



તાજેતરમાં તારીખ ૨૮-૦૨-૨૦૨૫ ના રોજ ગાંધીધામ સેક્ટર -૭ માં આપેલી શ્રી નવજીવન પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ની ઉજવણી શાળ કક્ષા એ કરવામાં આવી હતી. જેમાં વિજ્ઞાન મેળા નું આયોજન કરવામાં આવ્યું હતું.સૌ પ્રથમ શાળા નાં સિનિયર શિક્ષક શ્રી આલજી ભાઈ સોલંકી તથા વાલીગણ સદસ્ય શ્રી મેઘરજ ભાઈ દાનીચા દ્વારા રીબીન કાપી ને વિજ્ઞાન મેળો ખુલ્લો મુકાયો હતો, જેમાં બાળકો એ ઉત્સાહ પૂર્વક ભાગ લઇ અલગ અલગ પ્રકારની વિજ્ઞાન મેળા માં ધોરણ ૬થી ૮ ના બાળકો દ્વારા અલગ અલગ મોડેલ બનાવવા માં આવ્યાં હતાં જેમાં કૂદરતી ખેતી,પવન ચક્કી ના મોડલ, રોકેટ નું વર્કિંગ મોડેલ, વરસાદ ના મોસમમાં થાંભલા માં શોર્ટ સર્કિટ હોય તો એની જાન માટે સ્ટ્રીટ લાઈટ વર્કિંગ મોડેલ, પ્રકાશ સંશ્લેષણ ની ક્રિયા દર્શાવતા મોડેલ,કુદરતી ખાતરમાં થી ગેસ બનાવી પશુઓના વેસ્ટ -મેનેજમેન્ટ વિષય માટે ના મોડલ રજૂ કરવામાં આવ્યા હતા જેમાં બધાં બાળકો એ ઉત્સાહ પૂર્વક ભાગ લઇ પોતાનાં મોડેલ વિશે માહિતી આપી હતી.આ કાર્યક્રમ શાળા નાં આચાર્ય શ્રી રોહિતભાઈ,શાળા ના શિક્ષકો આલજી ભાઈ, મીનાક્ષી બેન, હેમંત ભાઈ, શિલ્પા બેન,જીજ્ઞા બેન વિધી બેન સૌના પ્રયાસો થી સફળ થયો હતો.

# ભરત સાંગાણીઃ સુખદ વળાંક

આજે સફળતાને આંગણે બિરાજતો હું, ભૂતકાળને વાગોળું છું ત્યારે મને એક એવી ક્ષણ યાદ આવે છે જેણે મારાં મન અને મારાં વિચારો પર ઊંડી અસર કરી છે. તે એક એવી સ્મૃતિ છે જે મેં મારી સાથે વર્ષોથી વહન કરી છે અને તે જીવન પ્રત્યેના મારા અભિગમને સદા નિર્દેશન આપવાનું ચાલુ રાખે છે.

હું મારી વીસીની શરૂઆતમાં હતો. મારો પરિવાર મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો હતો. મારા પિતાએ તેમની મિલની નોકરી ગુમાવી દીધી હતી. હડતાળને કારણે, મિલને તાળાં જ લાગી ગયાં. તેઓએ બીજું કામ તો શોધી લીધું હતું પણ તે આવક ખૂબ મર્યાદિત હતી. અમે જીવનનિર્વાહ માટે સંઘર્ષ કરી રહ્યાં હતાં. મમ્મી ટૂંકી આવકમાં ઘર ચલાવવા મથી રહી હતી. મને યાદ છે કે હું તે સમયે પગભર થવા પ્રયત્ન કરી રહ્યો હતો તેથી અસહાયતાની ભાવનાથી બેચેની અનુભવતો હતો. અમે આ મુશ્કેલ સમયગાળામાંથી કેવી રીતે પસાર થવાના છીએ તેની ખબર નહોતી. મુંબઈ જેવાં મોટાં શહેરમાં આ સ્થિતિ વધારે અકળાવનારી હતી.




મારાં દાદી રાજકોટ રહેતાં હતાં. પપ્પાની નોકરીને કારણે અમે પંદર વરસથી મુંબઈ સ્થિર થયાં હતાં. શરૂઆતમાં તો દાદા હતાં પણ તેમના ગયા પછી પણ મારાં દાદીએ રાજકોટમાં જ રહેવાનું પસંદ કર્યું હતું. વાર તહેવારે પ્રસંગોપાત તેઓ મુંબઈ આવતાં અમે રાજકોટ જતાં. તેઓ ખૂબ જ માયાળુ અને પ્રેમાળ સ્વભાવના હતાં. મારી મમ્મી સાથે તેમણે સાસુ જેવું વર્તન ક્યારેય કર્યું ન હતું. તેઓ સ્વતંત્ર મિજાજના હતાં, દાદાના ગયા પછી તેઓ સામાજિક કાર્યોમાં વ્યસ્ત રહેતાં. આર્થિક રીતે તેઓ સ્વનિર્ભર હતાં, તંદુરસ્ત હતાં. તેમને દુઃખ ન પહોંચે માટે તેમનાં સુધી આ વાત ન જાય તેનો અમે ખ્યાલ રાખ્યો હતો. આપણે જેવું ઈચ્છીએ તેવું ક્યાં થાય છે! અમારાં સંઘર્ષની જાણ કોઈપણ રીતે એમના સુધી પહોંચી કે તરત તેઓ અમને મળવા આવ્યાં.

બીજી સવારે હું દીવાનખંડમાં સોફા પર બેઠો છાપામાં 'નોકરી જોઈએ છે 'ની કોલમ જોઈ રહ્યો હતો. દાદી રૂમમાં આવ્યાં, તેમણે મારી આંખોમાં ચિંતા અને ડર જોયાં. મારાં મમ્મી અને પપ્પા સાથે વાત કરી તેમણે બધી પરિસ્થિતિ જાણી લીધી હતી.

તેઓ મારી પાસે બેઠાં, પ્રેમથી મારા માથાં પર હાથ ફેરવ્યો અને કહ્યું, "પ્રતિકૂળ પરિસ્થિતિને સ્વીકારી લેવાથી, તેનાથી વિચલિત ન થઈએ તો તે આપોઆપ ખરી પડે છે. મન સ્થિર થાય છે. ડિપ્રેશન કે તનાવથી દૂર રહેવા માટે મનને અન્ય રસના વિષયમાં જોડ." પછી તેમણે તેમના જીવન સંઘર્ષની વાત કરી અને તેઓ કેવી રીતે તેમાંથી બહાર આવ્યાં અને સફળ જીવનના રાહબર બન્યાં.

મેં દાદીનાં જીવનની કથની પહેલીવાર વિસ્તૃતિથી સાંભળી. હું તેમની શક્તિ અને હિંમતથી પ્રભાવિત થઈ ગયો. દાદીએ તેમનાં જીવનમાં ઘણા પડકારોનો સામનો કર્યો હતો, પરંતુ તેમણે ક્યારેય હાર માની ન હતી. તેમણે હંમેશા દઢતા, અનુકૂલનથી કાબૂ મેળવવાનો માર્ગ શોધી કાઢ્યો હતો.

તેમનાં શબ્દોએ મારાં પર રામબાણ અસર કરી. હું મારી અંદર કંઈક બદલાઈ રહ્યું હોવાનો અહેસાસ કરવા લાગ્યો. મને પરમ શાંતિનો અનુભવ થયો અને મારી ચિંતા દૂર થવા લાગી. દાદી તરફ મેં અહોભાવથી જોયું, તેમણે મારી આંખમાં ચમક જોઈ અને સ્મિત કર્યું. મારી મમ્મી ક્યારે આવીને મારી બાજુમાં બેઠી અને અમારી વાતોને ધ્યાનપૂર્વક સાંભળતી હતી તેનો મને ખ્યાલ જ ન રહ્યો. ઘણા દિવસ પછી મમ્મીનાં મોં પર મેં સંતોષની ભાવના નીરખી હતી. મારી મમ્મી અને સાસુ વચ્ચેનો વહેવાર સાસુ વહુ કરતાં મિત્રો જેવો વધુ હતો.

મમ્મી બોલ્યાં "મેં એમને કહ્યું હતું કે બાને આપણે વાત તો કરવી જ જોઈએ, પણ તેઓએ કહ્યું પ્રયત્નો ચાલુ છે બધું સમુંસૂતરું પાર પડશે. બાને નાહકની ચિંતા શા માટે કરાવીએ, સમય આવે વાત કરશું." દાદીએ હસતાં હસતાં કહ્યું "વિધાતાએ મને તમારી પાસે મોકલી આપી ને!"

મારી દાદીની આ મુલાકાત મારા માટે એક વળાંક હતો. તેનાંથી મને અહેસાસ થયો કે હું એકલો નથી. એવાં લોકો પણ છે જેઓ મારી કાળજી રાખતાં હતાં અને મદદ કરવા માંગતાં હતાં. તેમણે મને પરિપ્રેક્ષ્યનું મહત્ત્વ, વિકાસ અને શીખવાની તકો તરીકે પડકારોને જોવાનું પણ શીખવ્યું.

જ્યારે હું તે ક્ષણને પ્રતિબિંબિત કરું છું, ત્યારે મને દયા અને કરુણાની શક્તિ યાદ આવે છે. મારાં દાદીની મુલાકાત એ દયાનું એક નાનું કાર્ય હતું, પરંતુ તેની મારાં જીવન પર ઊંડી અસર પડી. તેણે મને શીખવ્યું કે અંધકારભર્યા સમયમાં પણ હંમેશા આશા હોય છે અને યોગ્ય માનસિકતા અને સમર્થન સાથે આપણે સૌથી ભયંકર પડકારોને પણ પાર કરી શકીએ છીએ.

ભરત સાંગાણી




રાજ્યના અત્યાર સુધીના ઇતિહાસનું સૌથી મોટા કદના એટલે કે **₹3.70 લાખ કરોડના આ બજેટમાં** કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તુલનાએ 22.9% નો વધારો

આગામી પાંચ વર્ષમાં ગુજરાતને વિકાસની નવી ગતિ પ્રદાન કરવા **₹50 હજાર કરોડની જોગવાઇ ધરાવતા 'વિકસિત ગુજરાત ફંડ'ની સ્થાપના**

**સુરતની જેમ રાજ્યમાં અન્ય પાંચ રિજીયોનલ ગ્રોથ હબ બનાવાશે**
જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સૌરાષ્ટ્ર કોસ્ટલ અને કચ્છનો સમાવેશ થાય છે

**વિકસિત ગુજરાતને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને 12 હાઈ સ્પીડ કોરિડોર વિકસાવાશે**
નમોશક્તિ એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રી વિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔધોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે.

સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વેને અમદાવાદ, રાજકોટ અને દ્વારકા, સોમનાથ, પોરબંદર સાથે જોડવાથી દ્વારકા અને સોમનાથ જતા પ્રવાસીઓને વધુ સરળ એર કનેક્ટિવિટી મળશે.

**ઇઝ ઓફ લિવિંગ અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ માટેના મહત્વપૂર્ણ નિર્ણયો**
માનનીય વડાપ્રધાનશ્રીની "ગ્રીન ગ્રોથ"ની સંકલ્પનાને સાકાર કરવા અને પર્યાવરણની જાળવણી માટે ઇલેક્ટ્રીક વાહનો પર હાલમાં 6% સુધી અંદાજિત વાહન વેરો અમલમાં છે, તેમાં સંપૂર્ણપણે ઇલેક્ટ્રીક બેટરીથી સંચાલિત વાહનો પર 1 વર્ષ માટે 5% સુધી રીબેટ આપી અસરકારક 1% લેખે વેરાનો દર રાખવાનો નિર્ણય

ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસના મંત્રને લક્ષ્યમાં રાખી સ્ટેમ્પ ડ્યુટીના દરોમાં રાહત અને સરળીકરણનો નિર્ણય

- રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા **અંબાજી કોરિડોર અને ધરોઇ ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ**નો વિકાસ કરાશે.
- 2025ના સમગ્ર વર્ષને **શહેરી વિકાસ વર્ષ** તરીકે ઉજવવામાં આવશે. શહેરી વિકાસના બજેટમાં 40%નો વધારો કરીને ₹30 હજાર કરોડથી વધુની ફાળવણી
- ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરવા રાજ્ય સરકારે **પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ),** ડૉ. આંબેડકર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના તેમજ હળપતિ આવાસ જેવી યોજનાઓની સહાયમાં **₹50 હજારનો વધારો કરીને ₹1.70 લાખ કરવામાં આવી.**
- અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટમાં વસવાટ કરતાં **વનબંધુઓના વિકાસ માટે ₹30 હજાર કરોડની** ફાળવણી.
- **મત્સ્ય ઉત્પાદન વૃદ્ધિ અને રોજગારમાં વધારો કરવા માટે ₹1622 કરોડના ખર્ચે** માછીમારો માટે માળખાકીય સુવિધાઓનો વિકાસ, સ્ટોરેજ, પ્રોસેસિંગ અને એક્સપોર્ટ માટે સુવિધા ઊભી કરાશે.
- કૃષિ યાંત્રિકીકરણ થકી ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે **₹1500 કરોડથી વધુની સહાય**
- યુવાશક્તિ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના આ યુગમાં વિશ્વ સાથે કદમ મિલાવી શકે તે માટે સાત ટેક્નિકલ સંસ્થાઓમાં **AI લેબ** અને સ્ટાર્ટઅપ માટે અનુકૂળ ઇકોસિસ્ટમ ઊભી કરીને સ્ટાર્ટઅપને વેગ આપવા **ચાર રિજિયનમાં i-Hubની** સ્થાપના કરાશે.
- નારીશક્તિના **સશક્તિકરણ અને આત્મનિર્ભરતા માટે** નવી મહત્ત્વપૂર્ણ યોજના **'સખી સાહસ યોજના'** નો આરંભ કરાશે. સ્વ-સહાય જૂથની બહેનોને આ યોજનામાં સાધન સહાય, લોન ગેરંટી વગેરે માટે રાજ્ય સરકાર મદદરૂપ થશે.
- ઉજ્જવળ આવતીકાલ સમા **બાળકોના પોષણ માટે ગત વર્ષના બજેટ કરતાં 25 ટકાનો વધારો** કરીને ₹8200 કરોડની ફાળવણી.
- જનતા જૂથ અકસ્માત વીમા યોજનામાં આપવામાં આવતા વીમા સુરક્ષા કવચ ₹50 હજારથી ₹2 લાખ હતું, જેમાં વધારો કરીને **₹2 લાખથી ₹4 લાખ કરવામાં આવી**
- વહીવટી સુધારણા ક્ષેત્રે ગુજરાતનું ઐતિહાસિક કદમ, રાજ્ય સરકાર કરશે **ગુજરાત વહીવટી સુધારણા પંચની** રચના.

આ બજેટમાં GYAN એટલે કે ગરીબ, યુવાન, અન્નદાતા અને નારીશક્તિના વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. જેથી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'વિકસિત ભારત@2047'ના સંકલ્પને સાકાર કરવા ગુજરાત પોતાનું મહત્વનું યોગદાન આપી શકે.

**શ્રી કનુભાઈ દેસાઇ, માનનીય નાણામંત્રી, ગુજરાત**

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું